# કૃષિ મહાવિદ્યાલય
## આણંદ કૃષિ યુનિવર્સિટી
**જબુગામ, તા: બોડેલી, જી. છોટા ઉદેપુર**

**(ગુજરાત)**

# ૭૬મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી

સમગ્ર દેશમાં આઝાદીના ૭૫ વર્ષની ખુબજ હર્ષોલ્લાસ થી ઉજવણી થઇ રહી છે. આજના દિવસે એટલે કે ૧૫ મી ઓગસ્ટ ના રોજ દર વર્ષે સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવે છે. પરંતુ આ વર્ષે આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થતાં ખુબજ ઉત્સાહ પૂર્વક ઉજવણી થઇ રહી છે. જે અંતર્ગત આજ રોજ કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, જબુગામ ખાતે **૭૬મા સ્વાતંત્ર્ય દિવસ**ની ઉજવણી કરવામાં આવી.

**૭૬મા સ્વાતંત્ર્ય દિવસ**ની ઉજવણી સમગ્ર કર્મચારીગણ દ્વારા ખુબજ શિસ્તપૂર્વક ધ્વજ વંદનના નિયમોનુસાર કરવામાં આવી હતી. કૃષિ મહાવિદ્યાલયના આચાર્યશ્રી ડૉ. સુનિલ આર. પટેલ દ્વારા ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું તથા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. તેઓશ્રીએ આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થતાં બધાને અભીનંદન પાઠવ્યા હતા, રાષ્ટ્રીય ધ્વજ નું મહત્વ સમજાવ્યું હતુ તથા સાથે સાથે દેશના વિકાસમાં આપણે કઈ કઈ રીતે યોગદાન આપી શકીએ તે વિષે ખુબજ ઊંડાણમાં વક્તવ્ય આપ્યું હતું. કોલેજના ડૉ. એ.કે.શર્મા, ડૉ. વિનોદ બી. મોર તથા ડૉ. મનીષ આર.ડાભી એ પણ કાર્યક્રમને અનુરૂપ ટુંકમાં વ્યક્તવ્ય આપી સર્વે ને અભીનંદન પાઠવ્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. વિનોદ બી. મોર, ચેરમેન (એસ.આર.સી.) તથા કોલેજના વિદ્યાર્થી મૈત્રક પંડ્યા દ્વારા કૃષિ મહાવિદ્યાલયના આચાર્યશ્રી ડૉ. સુનિલ આર. પટેલના સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. અંતમાં હાજર સર્વે કર્મચારીગણ એકબીજાને અભીનંદન પાઠવી મોં મીઠું કરીને છુટા પડ્યા હતા.

**ભારત માતાકી જય**

**જય હિન્દ જય ભારત**

**વંદે માતરમ**











TAKEN AGAINST
FOUND GUILTY OF
OR PARTICIPATING
INDIRECTLY IN
SUCH ACTIVITIES
75


કૃષિ મહાવિદ્યાલય
આણંદ કૃષિ યુનિવર્સિટી, જબુગામ
COLLEGE OF AGRICULTURE
ANAND AGRICULTURAL UNIVERSITY JABUGAM


Agricultural Research Station
&
Training Centre
ANAND AGRICULTURAL UNIVERSITY
JABUGAM - 391 155, Ta.: Bodeli, Dist.: Chhotaudepur


COLLEGE OF AGRICULTURE
ANAND AGRICULTURAL UNIVERSITY
JABUGAM- 391 155, DIST.: CHHOTAUDEPUR (GUJARAT)


NEW STAFF QUARTERS